# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

આકારણી શાખા

## સને ૨૦૨૦-૨૧ ના વર્ષની મિલકતવેરાની રકમ એડવાન્સમાં ભરી ૧૦% રિબેટ (વળતર) મેળવો

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયમિત મિલકતવેરા ભરનાર કરદાતાઓ માટે ૧લી જુન ૨૦૨૦ થી ૩૦મી જુન ૨૦૨૦ સુધી મિલકતવેરાની રકમમાં ૧૦% રિબેટ (વળતર) નો લાભ નીચે જણાવેલ યોજના મુજબ આપવામાં આવશે.

**યોજના**

કોઇપણ કરદાતા/મિલકત ધારકે તેની મિલકતનો સને ૨૦૧૯-૨૦ સુધીનો સંપૂર્ણ વેરો ભરપાઇ કરેલ હોય અથવા સને ૨૦૧૯-૨૦ સુધીના વર્ષોની બાકી વેરાની રકમ વ્યાજ-દંડ સહની ભરે અને ૨૦૨૦-૨૧ના વર્ષના એડવાન્સ મિલકત વેરા ની કૂલ રકમ (સામાન્ય કર, કંઝરવન્સી ટેક્ષ, શિક્ષણ ઉપકર(સરચાર્જ), ફાયરટેક્ષ, સફાઇ ચાર્જ તથા પાણીકર/ચાર્જ સહની કૂલ રકમ) ૧લી જુન, ૨૦૨૦ થી તા.૩૦મી જુન , ૨૦૨૦ સુધીમાં ભરે તો સને ૨૦૨૦-૨૧ના વર્ષના ભરવા પાત્ર એડવાન્સ મિલકત વેરાની સામાન્યકર, કંઝરવન્સીટેક્ષ, પાણી કર, ફાયર કર ની થતી કૂલ રકમમાં ૧૦% મુજબ વળતર (રિબેટ) આપવામાં આવશે.

આ યોજના અંતર્ગત મિલકત વેરાની રકમ તમામ વહીવટી વોર્ડ કચેરીઓ ઉપરાંત વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.vmc.gov.in ઉપર ઓન લાઇન તેમજ કોર્પોરેશનનુ મોડ્યુલ જે બેંકમાં આપવામાં આવેલ તેવી બેંક્માં નાંણાંકીય લેવડ દેવડના સમય દરમ્યાન ભરપાઇ કરી રિબેટ (વળતર) નો લાભ મેળવી શકાશે.

આ યોજના નો લાભ મેળવવા સારૂ કરદાતાઓએ સને ૨૦૧૯-૨૦ના વર્ષનું વેરા બીલ સેન્સસ નંબરની ખરાઇ અર્થે સાથે રાખવાનુ રહેશે.

સદર યોજના તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ દરમ્યાન અમલમાં રહેશે.

**પી.આર.ઓ. નં./ /૨૦૨૦-૨૧.** મ્યુનિસિપલ કમિશનર